ગુજરાતી શીઘ્રલિપિ

ગુજ-રા શી×લિ

ગુજરાતી ભાષાના ચાલુ અક્ષરોથી લખી શકાતી નવી જ શૉર્ટહૅન્ડ પદ્ધતિઃ જે સ્વતંત્ર રીતે પણ ઉપયોગમાં લઈ શકાય, અથવા તો ભવિષ્યમાં 'લઘુલિપિ'માં સંક્રાંત પણ કરી શકાય; અને જેની મદદથી મિનીટના ૮૦-૯૦ શબ્દો સુધીનાં ભાષણો કે નોંધો લઇ શકાય છે.

હરિદત્ત વ્યાસ


જેનાથી વધુ સરળ કોઈ શૉર્ટહૅન્ડ પદ્ધતિ ગુજરાતી ભાષા માટે શક્ય નથી એવી

ગુજરાતી શીઘ્રલિપિ

સંયોજક

હરિકૃષ્ણ વ્યાસ

['ગુજરાતી લઘુલિપિ'ના શોધક]




પ્રકાશક · કુમાર કાર્યાલય રાયપુર અમદાવાદ · ૧૯૩૯

પ્રથમાવૃત્તિ · ઑગસ્ટ ૧૯૩૯ · પ્રત ૧૦૦૦

આઠ આના

આ પદ્ધતિની હિંદી ભાષા માટેની આવૃત્તિ લેખક તૈયાર કરી રહેલ છે. જેમને એ પુસ્તક પ્રસિદ્ધ થયે ખરીદવા ઇચ્છા હોય તેમણે પોતાનું નામ સરનામું કુમાર કાર્યાલયમાં મોકલી આપવું, જેથી જ્યારે પણ એ પુસ્તક પ્રસિદ્ધ થાય ત્યારે તેમને ખબર આપવામાં આવશે. આવી રીતે અગાઉથી નોંધાએલા ગ્રાહકોને એ પુસ્તક કિફાયતે મળશે.

મુદ્રક અને પ્રકાશક · બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ



[અમદાવાદ સાહિત્યસભાના ઉપક્રમથી યોજાએલ લઘુલિપિ વર્ગ તા. ૧૧-૫-૩૮ થી તા. ૨૦-૫-૩૮]

અર્પણ

ઉપરના સર્વ મિત્રોને—
જેમના પ્રશ્નો અને શંકાઓમાંથી મને
શીઘ્રલિપિની પ્રેરણા મળી.

હ. વ્યા.

જેનાથી વધુ સરળ કોઈ શૉર્ટહૅન્ડ પદ્ધતિ ગુજરાતી ભાષા માટે શકય નથી એવી

ગુજરાતી શીઘ્રલિપિ

[**નોંધ**: આ લિપિ સંબંધે જે કાંઇ કહેવાનું છે તે બધું, એટલે કે તેની સંપૂર્ણ રચના વગેરે, આ એક પુસ્તિકામાં જ સમાઇ જાય છે. લિપિમાં ફક્ત પાંચ જ નિયમો શીખવાના છે, અને થોડીએક સૂચનાઓ ખ્યાલમાં રાખવાની છે. યાદશક્તિને સ્હેજ કસવી પડે એવો ભાગ ફક્ત સંકેતો વગેરેનાં લિસ્ટ શીખવાનો છે. એ બધી ચર્ચા વાચકને હવે પછીનાં પૃષ્ઠો પર જોવા મળશે. વાચક જોઇ શકશે કે સામાન્ય બુદ્ધિથી સમજી શકાય એવી કોઈ વાત પર બિનજરૂરી વિવેચન કયાંય કર્યું નથી. કેમકે પોતાને નામે એક વધુ પુસ્તક ચડાવવાનો નહિ પણ ઓછાંમાં ઓછાં પૃષ્ઠોમાં આપી શકાય એવી સ્વતંત્ર પદ્ધતિ આપવાનો જ લેખકનો અહીં આશય છે. એવી રીતે અપાએલી એ પદ્ધતિની કાર્યશક્તિનું માપ આવી શકે માટે હવે પછીની 'પ્રસ્તાવના' સમાંતર કોલમમાં ડાબી બાજુ સામાન્ય લિપિમાં અને જમણી બાજુ શીઘ્રલિપિમાં લખી બતાવી છે. આટલી સરળ પદ્ધતિ માટે ઉદાહરણ તરીકે આથી વિશેષ વસ્તુ આપવાની જરૂર ભાગ્યે જ કલ્પી શકાય. આ લિપિની મદદથી ધીમાં ભાષણો ઉતારી શકાશે અથવા તો ઝડપે બોલનારા વક્તાઓનાં ભાષણોની દળદાર નોંધો લઇ શકાશે.* આ પ્રસ્તાવનાના ૧૫૫ શબ્દો શીઘ્રલેખનમાં વધુમાં વધુ ઝડપે ઘૂંટી જવાથી જે સમય લાગે એના ઉપરથી કોઈ પણ આ લિપિથી આવનારી પોતાની ભાવી ઝડપનો અંદાજ કાઢી શકશે. ૭ મિનીટમાં આખી પ્રસ્તાવના ઘૂંટી જઇ શકાય તો તે આદર્શ ઝડપ ગણાય.]

[સામાન્ય લિપિમાં]

પ્રસ્તાવના

[શીઘ્રલિપિમાં]

એક જ લેખકને હાથે લઘુલિપિ અને શીઘ્રલિપિ એમ બે જુદીજુદી પદ્ધતિઓ રચાય ત્યારે એ બન્ને વચ્ચેનો ભેદ બરાબર સ્પષ્ટ રીતે સમજાવવાની એની ફરજ થઇ પડે છે.

આ હિસાબે લઘુલિપિ અને શીઘ્રલિપિને પરસ્પર સરખાવતાં એમ કહી શકાય કે લઘુલિપિ એ ગુજરાતી ભાષાની શૉર્ટહૅન્ડ પદ્ધતિ છે ત્યારે શીઘ્રલિપિ એ એની સ્પીડરાઇટીંગ પદ્ધતિ છે; અથવા તો અંગ્રેજી ભાષા સાથે બેઝિક ઇંગ્લિશ જે જાતનો સંબંધ ધરાવે છે એવો જ કાંઇ સંબંધ લઘુલિપિ અને શીઘ્રલિપિ વચ્ચે છે. આથી જેઓને સંપૂર્ણ પદ્ધતિ શીખવાનો આગ્રહ, અવકાશ કે શક્તિ હોય તેઓ તો લઘુલિપિ જ શીખે, પણ એને અભાવે તેની સરળ પ્રતિકૃતિ જેવી આ શીઘ્રલિપિ કામચલાઉ ઉપયોગમાં આવી શકશે.

૧, લેખ, હાથે લિપિ ને શીxલિ મ બે જુદ– પદ્ધ રચા ત્ય ર ચ્ચેન ભેદ બર સ્પ ર સમ્જાન ન ફર, થઈ પડ છ.

। હિસાબે લિપિ ને શીxલિ પર–સ્ સરખાત મ કહ સ્કા ક લિપિ ગુજ–ર– ભાન શૉર્ટ-હૅ પદ્ધ છ, ત્યૂ શીxલિ ન સ્પીડરાઇટિંગ પદ્ધ છ, અથ ગ્રેજ–ભા સા બેઝિ,–ઈં જ જાન સં ધરા છ ેવ, કાં સં લિપિ ને શીxલિ ચે છ.

ાી જ ે ૂ પદ્ધ શીખ ાગ્રહ, કાશ ક શ હ ત ો લિપિ, શીખ. પ ે ે અભાવે ત સરળ પ્રકૃતિ જ ા શીxલિ કામ–ચ ગો ઉપ ાવી શક્શ.

---

* આ પુસ્તક તૈયાર થઈ પ્રેસમાં મોકલાયું ત્યાર પછી એક વર્ષે એ પ્રસિદ્ધ કરવાના નિર્ણય ઉપર અમે આવ્યા, એ ચિંતનના લાંબા ગાળામાં આ પદ્ધતિને કસોટીએ ચડાવવાનો પ્રસંગ પણ આવી ગયો છે. લાઠીમાં નવરાત્ર મહોત્સવ વખતે ઘણા જાણીતા વક્તાઓનાં થનારાં ચાળીશેક ભાષણો ઉતારવા લેખકને આમંત્રણ મળતાં એ બધાંય ભાષણોમાં સળંગ 'શીઘ્રલિપિ'નો જ પ્રયોગ કરવામાં આવેલો. એ ભાષણોનું બસો ઉપરાંત પાનાંનું પુસ્તક થોડા વખતમાં લાઠી સ્ટેટ તરફથી પ્રસિદ્ધ થશે ત્યારે 'શીઘ્રલીપિ'ની પરમ શકયતાનું જીવંત પ્રતીક બની જશે. (તા. ૧-૭-૩૯)–લેખક

હવે આ વસ્તુસ્થિતિ કેવી રીતે શક્ય બની શકે છે તે જોઈએ. કોઈ પણ શૉર્ટહૅન્ડ પદ્ધતિમાં બે જાતનાં તત્ત્વો હોય છેઃ એક તો તેનો કક્કો સામાન્ય વ્યવહારની લિપિ કરતાં વધુ સરળ રેખાઓનો બનેલો હોય છે, અને તેથી લખાણને અતિશય ઝડપી બનાવી શકે છે. અને બીજું, લખાણના હાડપિંજરરૂપ મુખ્ય મુખ્ય ધ્વનિઓ કે સ્વરવ્યંજનોને એમના એમ જાળવી રાખી બાકીના ઓછા મહત્ત્વના ભાગનો લોપ કરવાની એમાં સગવડ રાખેલી હોય છે; જેથી ઘણું લખ્યા વિના પણ નિયમસર લોપાએલું હોવાથી પાછળથી ઉકેલી શકાય. સાધારણ રીતે શૉર્ટહૅન્ડના પાઠ્ય પુસ્તકની શરૂઆત તેના મૂળાક્ષરોથી થતી હોય છે, અને લોપ પામનારાં તત્ત્વોનો પરિચય તો શીખનાર તેમાં સારી એવી પ્રગતિ કરે પછી જ તેને કરાવવામાં આવે છે. આ લેખકની લઘુલિપિની રચના આ રીતે જ થએલી છે.

પણ શૉર્ટહૅન્ડનો કક્કો શીખવામાં જેઓને કોઇ નવી જ ભાષા શીખવા જેવું લાગતું હોય, અને એ શીખવા માટેનો સમય જેઓની પાસે સિલકે ન હોય, તેઓ લઘુલિપિમાંનાં લોપ કરવાનાં તત્ત્વોનો પ્રયોગ ચાલુ વ્યવહારની લિપિમાં પણ કરી શકે; અને એવી રીતે ઝડપી નોંધો લઈ શકે. અંગ્રેજી ભાષાની એક પદ્ધતિ, સ્પીડરાઇટિંગ, જે સામાન્ય લિપિના અક્ષરોથી જ લખાતી હોવાથી સીધેસીધી ટાઈપરાઇટર પર પણ ઉતારી શકાય છે, તે આ તર્કને આધારે જ રચાઈ છે. આવી સામાન્ય લિપિના અક્ષરો ઉપર રચાએલી પદ્ધતિમાં આદર્શ ઝડપ તો નથી જ આવી શકતી. પણ જે પ્રેસરીપોર્ટરોને માત્ર ઊડતી નોંધો જ લેવાની હોય તેઓને આવી લિપિ ખાસ અગત્યની થઇ પડે છે. આપણી માતૃભાષાની આ જાતની જરૂરિયાત આ શીઘ્રલિપિથી પૂરી પડે છે.

આમ આ લિપિ બે કામ સારી શકશેઃ એક તો તેને ગુજરાતી ભાષા માટે શૉર્ટહૅન્ડની એક નવી અને સ્વતંત્ર પદ્ધતિ જ ગણી શકાય, કેમકે એની

હ ે । વસ્ત્ત્ત કવ્ર શકર બની શકી
છ ત જોઈ. કર શૉર્ટ–હૅ પદ્ધતર બે
જા તત્ત્વ હ છ. ૧ ત ત ક— સર
વ્યવ–હાર લિપિ કત વધ સરળ રેખાન
બન હ છ, ન તી લખાણ તિ ઝડપ
બનાવી શક છ. ન ર લખાણ હાડ–પિં રૂ
મુ– ધ્વનીઓ ક સ્વર–વ્યં ે એમન–
જાળવી રાખી બાકીન ઓછ મહત્વન ભાગન
લોપ કરન ે મ સગ– રાખલ હ છ;
જી ઘ લખ્યા વિ પ નમસર લોપાએ
હોવી પછી ઉકેલ શકા. સધર
શૉર્ટ–હૅન પાઠ્ય–પુન શરૂ, તન
મૂળા–ક્ષરી થત હછ. ને લોપ પામ
તત્ત્વ પર, ત શીખ તમ સારી ે ે પ્રગત
કર પછ, તે કરાવમ આવ છ. । લેખ,ન
લિપિન રચના । ર, થએ છ.
પ શૉર્ટ–હૅન ક— શીખમ જ ે ક
નવી, ભાષા શીખ જવ લાગત હ, ને ે
શીખ ટન સમ, જન પા સિલકે નહ,
તઓ લિપિન લોપ કરન તત્ત્વ પ્રયોગ
ચાલુ વવ્હા,ન લિપિમ પ કરી શક; ને
ેવર ઝડપ નોંધ લઈ શક. અંગ્રેજ–ભાન
૧ પદ્ધત, સ્પીડ–રા, જ સમ લિપિન
અક્ષ,થ, લખાત હ ી સીધે– ટાઇપ–રા પર
પ ઉતારી શકા છ, ત । તર્કે આધારે,
રચા છ. આ સમ લિપિન અક્ષ, ઉપ
રચાએ પદ્ધ–મ આદર્શ ઝડપ ત ન, આ શકત.
પ જ પ્રેસ–રી ે મા ઉડ નોંધ, લેન હ
ત ે આ લિપિ ખા ગત થઇ પડ છ.
આપ માતૃ–ભાન । જાન જર ।
શીઘ્રલિપી પૂ પડ છ.
મ । લિપિ બ કામ સારી શકશ:
૧ ત ત ે ગુજ–રા–ભા ટ શૉર્ટ–હૅન ૧
નવ ન ે સ્વતં પદ્ધત, ગણ શકા. કેમ ેન

મદદથી લખાણ આ નમૂના પ્રમાણે અર્ધા ઉપરાંત ટૂંકાઇ જતું હોવાથી સામાન્ય રીતે મિનીટના ૪૦ શબ્દોની ઝડપથી લખી શકનારો માણસ આ લિપિથી ૮૦–૯૦ શબ્દો સુધીની ઝડપે લખી શકે, અને આટલી ઝડપ ઘણાને પૂરતી થઇ પડશે. એવાઓએ આ પત્રિકા વાંચી તેમાં જણાવ્યા પ્રમાણે લખવા સિવાય વિશેષ કાંઇ કરવાનું રહેતું નથી. પણ એ ઉપરાંત આ લિપિને લઘુલિપિનો પ્રાથમિક પરિચય આપનારી પૂર્તિ તરીકે પણ માની શકાય.

એ દૃષ્ટિએ જોતાં આ લિપિ શીખ્યા પછી લઘુલિપિનો કક્કો જે એ પુસ્તકમાં પહેલા પ્રકરણમાં પૂર્તિ રૂપે આપેલો છે, તે શીખી એ ટૂંકાક્ષરી કક્કામાં જ આ લિપિથી થઈ શકતું લખાણ કોઇ લખે તો એટલેથી જ એની ઝડપ મિનીટના ૧૨૫ શબ્દો સુધી જઇ શકે.

જેઓ ભવિષ્યમાં આ લિપિનું લઘુલિપિ સાથે જોડાણ કરવા માગતા હોય તેઓની જાણ માટે લખવાનું કે લઘુલિપિનાં કુલ ૯૬ તત્ત્વોમાંનાં ૧૩ * ખૂબ આગળ વધેલાઓને જ ઉપયોગનાં છે, તેથી તેને બાદ કરતાં બાકીનાંમાંથી ૩૫ તત્ત્વો આ લિપિના નિયમો અને સૂચનાઓમાં સંગ્રહિત રીતે સમાઇ જાય છે. એટલે આ લિપિમાં લઘુલિપિનો અર્ધો પરિચય તો થઇ જાય છે. અને લઘુલિપિ શીખવા ઇચ્છનારે એ પછી ૪૮ તત્ત્વો જ શીખવાનાં રહે છે. [* દિવસ ૧૧–૧૨–૧૩]

આશા છે કે જેઓને લઘુલિપિની વધુ સંપૂર્ણ રચના સુલભ થઇ શકે તેમ નથી એવાં ઘણાં ભાઇબ્હેનોને આ તદ્દન સરળ પદ્ધતિ તેઓની મહત્ત્વાકાંક્ષાને કાંઇક નમ્ર સ્વરૂપમાં પણ સંતોષવામાં મદદગાર થશે. (૫૫૫)

મદદી લખાણ । નમૂન પ્ર અર્ધા ઉ ટૂંકવા જત હી સમર મિનીટન ૪૦ શબ્દન ઝડપી લખી શકુ મ । લિપિ ૮૦–૯૦ શબ્દ સુન ઝડપે લખી શક. ન ટલ ઝડપ ઘ પૂ થઇ પડશ. ઓ । પત્રિકા વાંચી તમ જણાવ પ્ર લખવ સિ વિશેષ કાં કરન રહેત ન. પ એ ઉ । લિપિ લઘુલિપિન પ્રાથમી, પરિ, આપ પૂર્તિ રી પ માની શકા.

દૃષ્ટિ જોત । લિપિ શીખ્યા પછ લઘુલિપિન ક—, જ પુસ્ત, ૧ પ્રક–રમ પૂર્તિ રૂ આપલ છ, ત શીખી ટૂંકા–ક્ષ ક–મ, । લિપિ થઈ શકત લખાણ ક લખ ત ટલી, ન ઝડપ મિનીટન ૧૨૫ શબ્દ સુ જઈ શક.

જ । ભવી–ષ્ય । લિપિન લઘુલિપિ સા જોડાણ કર માગ હ ત જાણ ટ લખ ક લઘુલિપિન કુલ ૯૬ તત્ત્વ ૧૩ ખૂ આગ વધ, ઉપયોગન છ, તી ત બાદ કર બાકી ૩૫ તત્ત્વ । લિપિન નિ ન સૂચના સંગ્રહી, ર સમાઈ જા છ. ટ । લિપિમ લઘુલિપિન અર્ધો પરિ, ત થઈ જા છ. ન લઘુલિપિ શીખ ઇચ્છ પછ ૪૮ તત્ત્વ, શીખન રહ છ.

આશા છ ક જ લઘુલિપિન વધુ સંપૂર્ણ રચના સુલભ થઈ શક ત ન ઘ ભાઇબ । તદ સરળ પદ્ધત ત મહત્વા– કાં, નમ્ર સ્વરૂ પ સંતોષ મદદગ થશ.

લાઠી તા. ૨૫–૮–૩૮

હરિકૃષ્ણ વ્યાસ

નોંધ:

¶ સામેના એક જ પૃષ્ઠ ઉપર શીઘ્રલિપિની સંપૂર્ણ પદ્ધતિ તમારી સમક્ષ રજુ થાય છે. આ નાના પુસ્તકનો બાકીનો બધો ભાગ એ એક પેજને ઉઠાવ આપવા માટે જ રચાયો છે. બાકી મૂળ વસ્તુ તો એ એક જ પાનું, અને એની પૂર્તિરૂપ એ પછીનાં બે પાનાંમાં આપેલાં 'પરિશિષ્ટ' છે. આમ એટલી ટૂંકી મર્યાદામાં આ આખી પદ્ધતિ સમાઈ જાય છે કે વાચકને પહેલી તકે કદાચ એમ જ લાગે કે મશ્કરી કરવાની કોઈ નવી રીત તો આ પુસ્તક લખનારે નહિ અજમાવી હોય! પણ આ પદ્ધતિની કાર્યશક્તિ બાબતમાં કોઈપણ કુતર્કને સ્થાન આપવાની જરૂર નથી. આ પદ્ધતિ તમારી સમક્ષ રજુ થયા પહેલાં ચાલીશ ભાષણો લેવા માટે વપરાઈ ચૂકી છે, અને એ રીતે લેવાએલાં ભાષણો ટુંક વખતમાં પુસ્તકાકારે બહાર પણ પડશે. એટલે આ મશ્કરી નથી, પણ લેખકને વર્ષોના પરિશ્રમે સાંપડેલી એક મહામૂલી સિદ્ધિ છે. એ ટૂંકી છે અને સરળ છે એ એની અપ્રતિમ મહત્તા છે. અને વળી લઘુલિપિ શીખવા ઇચ્છનારાઓને અભ્યાસની શરૂઆત શીઘ્રલિપિથી કરાવવાથી કામ વધુ ઝડપી અને સંગીન થાય છે એ પણ લેખકે અમદાવાદ અને ભાવનગર લીધેલા વર્ગો ઉપરથી અનુભવી જોયું છે. માટે વાચક આ લિપિની યોજનાની સંગીનતા તથા તેના રચનારની સહૃદયતામાં સંપૂર્ણ શ્રદ્ધા રાખી આગળ વધશે તો શ્રદ્ધા અલેખે નહિ જાય.

¶ આ શીઘ્રલિપિની નરી સરલતાને અંગે નિયમોની સાથે ઓછાં ઉદાહરણોથી ચાલી શકશે એ આશાએ આ પુસ્તકમાં માત્ર જરૂર પૂરતાં જ ઉદાહરણો આપ્યાં છે. અને સામાન્ય બુદ્ધિના વાંચનારને એટલાં પૂરતાં થઇ પડશે, તેમ જ એની મદદથી તેઓ બીજાં વધુ ઉદાહરણો બહારથી પૂરાં પાડી શકશે. પરંતુ જેમની પાસે 'ગુજરાતી લઘુ-લિપિ' એ પુસ્તક હોય તેઓ તેમાં આપેલાં તૈયાર ઉદાહરણોનાં લિસ્ટનો ઉપયોગ શીઘ્રલિપિ માટે પણ કરી શકશે. આ કામમાં સરળતા થાય એટલા માટે પ્રથમ તો એ જાણવું જરૂરનું છે કે 'લઘુલિપિ'ની વિસ્તૃત યોજનામાંનાં કયાં ૩૫ તત્ત્વોમાંથી આ શીઘ્રલિપિની સ્વતંત્ર પદ્ધતિ ઉપજાવી શકાઈ છે. 'લઘુલિપિ'ના પુસ્તકમાં દરેકે દરેક મૂલભૂત તત્ત્વને 'નિયમ' એ નામ આપ્યું છે. અને એમાંના જે ૩૫ નિયમો શીઘ્રલિપિના યોજનામાં ઉપયોગી થયા છે તે નિયમો આ પ્રમાણે છે: ૨૬, ૩૭, ૩૯, ૪૧, ૪૨, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૧, ૫૬, ૫૭, ૬૧, ૬૨, ૬૩, ૬૫, ૬૬, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૮૯, ૯૦, ૯૧, ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૬. આ બધા નિયમોના ક્રમાંક શીઘ્રલિપિના તે તે નિયમો સાથે સંબંધ ધરાવતાં તત્ત્વોની સાથે કૌંસમાં આપ્યા છે. જેમકે ૧લા જ નિયમ પછી કૌંસમાં (લઘુલિપિ નિ. ૩૭, ૩૯, ૫૭) એમ લખેલું છે. માટે શીઘ્રલિપિના ૧લા નિયમ પર વિશેષ તાલીમ મેળવવા લઘુલિપિના ૩૭, ૩૯, ૫૭ નિયમો તેમ જ એ નિયમો સાથે આપેલી સૂચનાઓ તથા ઉદાહરણો વાંચવાં.

¶ ઉપર જણાવેલી વસ્તુ એક નમૂનાની મદદથી સમજવા પ્રયાસ કરીએ. દાખલા તરીકે સામે જે 'સૂચનાઓ' આપેલી છે તેમાંની ૭મા સૂચનામાં લઘુલિપિના ૯૫મા નિયમનું સૂચન કર્યું છે. આ નીચે એ ૯૫મો નિયમ તેમ જ તેની સમજુતી અને ઉદાહરણ એમ ત્રણ વસ્તુઓ એક પછી એક લઘુલિપિ પુસ્તકમાંથી જેમની તેમ ઉતારી બતાવી છે. અને આમ એક નમૂના ઉપરથી બાકીના બધા નિયમોનાં એ પુસ્તકમાં રેફરન્સ કરવાનું કામ સરળ થશે.

[૯૫] જો વિશેષણને બદલે નામ અથવા નામને બદલે વિશેષણ લખવાથી શબ્દ ટૂંકો છતાં સ્પષ્ટ લખી શકાતો હોય તો એ બંનેમાંથી વધારે ટૂંકું હોય તે રૂપ લખાય છે.

(૯૫) ઘણું કરીને એકાદ પ્રત્યય લોપાવાથી જ આ જાતનું ટૂંકાણ કરી શકાય તેમ હોય છે. અને જેમ નિયમ ૯૧થી એક જ સંખ્યાને બે કામ કરવાનાં છે, તેમ આ નિયમ મુજબ એક જ શબ્દને નામ અને વિશેષણનું બેવડું કામ સોંપાય છે: જેમકે 'મીઠું–મીઠાશ' એ બંનેને બદલે મીઠ (ઉ) એટલું ચાલી શકે. પણ ખ્યાલમાં રાખવું કે નામ અને તેને મળતાં વિશેષણોના બંધારણમાં કાંઇ મૂળભૂત તફાવત હોય ત્યાં એકને બદલે બીજું ન વાપરવું. જેમકે: 'ઉદાર–ઉદારતા એ બંને શબ્દો 'ઉદાર'થી સૂચવી શકાય. પણ 'ઉદાર–ઔદાર્ય' એ બંને શબ્દોની જોડી થઈ શકે નહિ.

[ઉદા: નિ. ૯૫: નામ અને વિશેષણ માટે સરખી સંજ્ઞાઓ] ઉદાર–ઉદારતા, ક્રૂર–ક્રૂરતા, ગરમ–ગરમી, ઠંડું–ઠંડી-ઠંડક, મીઠું–મીઠાશ, રાષ્ટ્ર-રાષ્ટ્રીય, વિવિધ–વિવિધતા, સેતાન–સેતાનિયત.

નિયમો

[૧] ભાષામાં વારંવાર વપરાતા શબ્દો માટે ખાસ ટૂંકાં કરેલાં રૂપો 'સંકેતો' કહેવાય છે. આવા સંકેતોનું લિસ્ટ પરિશિષ્ટ કમાં આપ્યું છે. એ સંકેતો ક્યારેક એકબીજા સાથે જોડાઇ પણ શકે છે, તેમ જ તેને પણ વિભક્તિ વગેરેના પ્રત્યયો લાગી શકે છે. (લઘુલિપિ નિ. ૩૭, ૩૯, ૫૭)

[૨] ઉપસર્ગો માટેની ટૂંકી સંજ્ઞાઓ પરિશિષ્ટ ખમાં તથા જુદી જુદી જાતના પ્રત્યયો માટેની સંજ્ઞાઓ પરિશિષ્ટ ગ તથા ઘ માં આપેલી છે. તે બધી સંજ્ઞાઓમાં સ્વર, વ્યંજન કે વિસર્ગ સંધિને અંગે થતા ફેરફારોનો સમાવેશ થઈ જાય છે. તેમાંના ઉપસર્ગો શબ્દના બાકીના ભાગની ઉપર, તથા પ્રત્યયો પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણે લખાય છે. (લઘુલિપિ નિં. ૪૧,૪૨,૧૪,૪૫,૪૬,૪૭,૪૯,૫૦,૫૬,૬૩)

[૩] ચાર પદના બનેલા કે એથી લાંબા શબ્દો, ઉલટાસુલટા ભાવ બતાવનારા શબ્દો, સમાસો કે શબ્દસમૂહો લખવાના હોય ત્યારે ફક્ત તેનો પૂર્વાર્ધ આખો લખી, પછી વિગ્રહરેખા કરી, પછી ઉત્તરાર્ધનો માત્ર પ્રથમાક્ષર જ લખાય છે. પુનરુક્તિ બતાવવામાં તો આ વિગ્રહરેખા જ બસ થઈ પડે છે. (લઘુલિપિ નિ. ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮)

[૪] ક્રિયાપદનાં વિવિધ રૂપને અંતે આવતા 'વું', 'વા', 'એ', 'ય' લખવા જતા કરાય છે. અને એ જ પ્રમાણે ક્રિયાપદને કૃદંતના પ્રત્યયો લગાડવાના હોય ત્યારે 'વું' પહેલાંના 'ર', 'ડ', 'લ', 'ળ', 'વ' લોપાય છે. (લઘુલિપિ નિ. ૬૧, ૬૨, ૬૬)

[૫] બહુ ટૂંકા કે તદ્દન નવીન ન હોય એવા શબ્દોને અંતે આવનારા 'ત', 'ર', 'સ', 'જ', 'ય', 'ક', 'પ', 'લ'નો લોપ કરી તે લોપ બતાવવા છેલ્લા લખેલા અક્ષરમાં, આવો અવળો કાપ કરાય છે. અને તેમાં પણ ઉપાંત્ય અનુસ્વાર પછી આવનારા 'ત' અને 'ક' તો અવશ્ય લોપાય છે. (લઘુલિપિ નિ. ૮૦, ૮૧, ૮૨)

સૂચનાઓ

ઉપરના પાંચ નિયમો અને તેના પેટામાં આવતાં પરિશિષ્ટો એ આ પદ્ધતિનાં મુખ્ય અંગો છે. પણ આ નિયમોથી જેમ લખાણમાં બચાવ કરી શકાય છે તેમ બીજી પણ લખાણ ટૂંકાવવાની કેટલીક તદબીરો આપણે હરહમેશ વાપરતા હોઇએ છીએ. એવી ચાલુ વપરાશની લખાણ ટૂંકાવવાની ટ્રિકોની અહીં નોંધ લેવી હિતાવહ છે. એવી તદબીરો નીચે મુજબ છે:

(૧) સંખ્યાઓ આંકડાથી જ હમેશાં લખવી. સો, હજાર, લાખ, કરોડ, વગેરે માટે મીંડાં કરવાં પડે તેમ હોય ત્યાં તેમ ન કરતાં સ, હ, લ, ક એમ સંખ્યાના નામના પ્રથમાક્ષરથી જ ચલાવી લેવું. વળી એવી જ રીતે પહેલું, બીજું, ત્રીજું એને બદલે ૧, ૨, ૩ એમ ચાલી શકે. (લઘુલિપિ નિ. ૨૬, ૯૧)

(૨) જે શબ્દોનાં ટૂંકાં રૂપો ચાલુ વ્યવહારમાં હમેશાં વપરાતાં હોય તેનો ખૂબ છૂટથી ઉપયોગ કરવો. જરૂર પડે તો આવાં રૂપ કામચલાઉ યોજી પણ લેવાં. (લઘુલિપિ નિ. ૯૩, ૯૪)

(૩) જાતિનો અન્વય બહુ મહત્ત્વનો ન હોય ત્યાં કોઈ પણ શબ્દના અંત્ય 'ઓ', 'ઈ', 'ઉ' જતા કરવા. અને એ જ મુજબ વચનના અન્વયની જરૂર ન હોય ત્યાં અંત્ય 'ઓ' પણ જતો કરવો. (લઘુલિપિ નિ. ૫૧, ૬૫, ૮૯)

(૪) કોઈ શબ્દની શરૂઆતમાં 'અ'ની બારાખડીમાંનો કોઈ અક્ષર આવતો હોય તો તે સ્વરને બદલે તેનાં સ્વરચિહ્ન ા િ ી ુ ૂ ે ૈ ો ૌ વગેરેથી જ ચલાવી લેવું. (લઘુલિપિ નિ. ૩)

(૫) એક જાતના શબ્દો કે પ્રત્યયો વાક્યમાં નિયમિત અંતરે આવતા હોય તો તે લખવા જતા કરી શકાય. (લઘુલિપિ નિ. ૯૮)

(૬) જ્યાં શબ્દ લખવા જતા કરવા પડ્યા હોય ત્યાં મૂકી દીધેલા શબ્દોની સંખ્યાના પ્રમાણમાં લાંબી લીટી દોરવી. (લઘુલિપિ નિ. ૯૬)

(૭) નામને બદલે વિશેષણ કે વિશેષણને બદલે નામ મૂકવાથી ટૂંકાણ થતું હોય તો એનાથી ચલાવી લેવું. (લઘુલિપિ નિ. ૯૫)

(૮) જો લખતાં ફાવે તો જ્યાં જ્યાં બની શકે ત્યાં ત્યાં કાનાવાળા બધા અક્ષરોને કાના વિના જ લખવાની ટેવ પાડવી. આવી રીતે લખેલું લખાણ વાંચતી વખતે બધા અર્ધા અક્ષરોને આખા જ વાંચવા; તેથી સાચા જોડાક્ષરોને અનુપ્રાસે સમજવાની ફાવટ આપોઆપ આવી જશે. (લઘુલિપિમાં આને મળતો કોઈ નિયમ નથી.)

પરિશિષ્ટ

क સંકેતો

અ	અહીં, આજે
ાખ	આખરે
ાગ	આગળ
ાટ	આટલું
ાડ	આવડું
અથ	અથવા
અત	અત્યારે
અધ	અધિક
ાપ	આપણે
અલ	અલબત્ત
અન	અનેક
ાવ	આવો-વી-વું
અર્થ	અર્થાત્
ુપ	ઉપરાંત, ઉપર
ુલ	ઉલટું
ેક	એકલું
ેટ	એટલું
ેડ	એવડું
ેવ	એવો વી-વું
ક	કે, કોણ, કોઈ
કાં	કાંઇ
કાર	કારણ
કે	કેમ
કક	કેમકે
કટ	કેટલું-ક
કડ	કેવડું
કત	કરતાં
કદ	કદાચ
કશ	કશું
કવ	કેવું
ક્	ક્યાં
ક્ય્	ક્યારે
ખત	ખાતર
ખા	ખાસ
ખૂ	ખૂબ
ખો	ખોટું
ખબ	ખબર
ખર	ખરું, ખરેખરું
ગ	અગર
ગૃ.બા	ગૃહસ્થો અને બાનુઓ
ગત	અગત્યનું
ગમ	ગમે
ઘ	ઘણું, ઘટે
છ	છે, છું
ચ	નીચે, વચ્ચે
છટ	છેવટે
છત	છતાં
છે	છેક
જ	જે, જો
જા	જાત, જાણે
જે	જેમ
જુ	હજુ
જો	જેઓ
જક	જોકે
જટ	જેટલું
જડ	જેવડું
જદ	જુદું
જલ	જલદી
જર	જરૂર,-રિયાત
જવ	જેવું
જ્	જ્યાં
જ્ય્	જ્યારે
ટ	માટે
ડ	વડે
ત	તે, તો
તિ	અતિશય
તી	તેથી
તે	તેમ
તો	તેઓ
તટ	તેટલું
તડ	તેવડું
તથ	તથા
તદ	તદ્દન
તર	તરફ
તમ	તમે
ત્	ત્યાં
ત્ય્	ત્યારે
ત્યં	અત્યંત
દ	અંદર, દરેક
દા	દહાડો
દિ	દિવસ
દર	દરમ્યાન
પ	પણ, પરંતુ
પા	પાસે
પૂ	પૂરું, પૂરતું
પછ	પછી, પાછળ
પઠ	પેઠે
પત	પોતે
પલ	પેલો
પહ	પહેલું, પહેલાં
પ્ર	પ્રમાણે
પ્રક	પ્રકાર
પ્રત	પ્રત્યે
ફ	ફક્ત
બ	બદલે, બલકે
ભા	ભાઇઓ
ભા.બ.	ભાઇઓ અને બહેનો
બર	બરાબર
બધ	બધું
બજ	બીજું, બાજુ
બબ	બાબત
બલ	બિલકુલ
બહ	બહાર
ર	રીત, રીતે
રૂ	રૂપ, રૂપે
રી	તરીકે
લા	લાયક
લી	લીધે
•	ના, નહિ, નથી
ને	ને, અને
ન	નહિતો
મ	આમ, એમ
મા	માત્ર
મુ	મુખ્ય
મો	મોટું
મફ	માફક
મર	મારફત
મલ	માલૂમ
મન	માનવ, મનુષ્ય, માણસ
મહ	મહાન
સ	સમય
સા	સામે, સાથે
સં	સંબંધે, સંબંધ
સિ	સિવાય
સુ	સુધી
સઘ	સઘળું
સધ	સાધારણ
સર	સરખું
સમ	સામાન્ય, સમાન, સમક્ષ
સ્થ	સ્થિતિ
શ	શો, શું
શે	વિશે
સ્પ	સ્પષ્ટ
હ	હશે, હોય
હં	હંમેશાં
હ્	હવે
ય	યોગ્ય
વ	વિના, વગર
વા	વાત
વધ	વધુ, વધારે
વસ	વસ્તુ
હમ	હમણાં
વિર	વિરુદ્ધ

સૂચનાઃ 'લઘુલિપિ' પુસ્તકમાં છઠ્ઠા દિવસમાં આ સંકેતોની સંપૂર્ણ ચર્ચા કરી છે. તેમ જ તેમાં એના ઉપરનાં પુષ્કળ ઉદાહરણો પણ આપેલાં છે. એ બધાં જોવાથી વિશેષ લાભ થશે. વળી જેઓ 'શીઘ્રલિપિ' પૂરી કર્યા પછી એથી વધુ ઝડપ મેળવવા માટે 'લઘુલિપિ' શીખવા માગતા હોય તેઓ પ્રથમ તો લઘુલિપિનો કક્કો શીખી, પછી બધું શીઘ્રલેખન એ કક્કામાં કરવા પ્રયાસ કરશે. એ વખતે લઘુલિપિમાં થોડા સંકેતો શીઘ્રલિપિ કરતાં જરા જુદી રીતે રચાયા છે, માટે એના તરફ ખાસ ધ્યાન આપવું પડશે. એ સંકેતો આ રહ્યાઃ જરા, તેથી, પ્રત્યે, બરાબર, રીત, રૂપ, તરીકે, લાયક, લીધે, મારું, હવે, વળી, વિરૂદ્ધ, જ્યાં, જ્યારે, ત્યાં, ત્યારે, ક્યાં, ક્યારે.

ख ઉપસર્ગો

અ અણુ, અન, અપ
અં અંતઃ, આંતર
ા આત્મ, આવ, આવિસ્
િ અધિ, અભિ, અભ્ય
ુ ઉત્, ઉદ્, ઉન્, ઉપ
ક કમ, કુ
ખ ખુશ, ખુબ
ગ ગુલ, ગેર
ત અતિ
દ દુ, દુઃ, દુર્, દુસ્
પ પર, પરા, પાર
પ્ર પ્રતિ, પ્રત્ય
બ બદ, બિન, બે
ન નિઃ, નિર, નિસ્, નિ
મ મન, મહા
પુ પુનર
લ લઘુ
વ અવ, અવિ
સ સં, સુ, સર્વ
સ્વ સ્વ, સ્વી
હ સહ
ર સદ્, સર

ग તદ્ધિત પ્રત્યયો

(૧) નીચેના પ્રત્યયો અંગની સાથે જ લખાય છે

ક કર, કાર, કારક, કારી, કર્તા
ખ ખાન, ખાનું
ગ ગર, ગાર, ગીર, ગીરી
જ જનક
ટ આટ, આવટ, વટ, વટી
ડ આડ, આવડ, વાડ
દ દર, દાર, દાસ
પ આપ, પટી, પણું, પૂર્ણ
બ બાજ
ભ ભર્યું
ણ આણુ, ણુક
ર રહિત
સ સિંહ, સર

(૨) નીચેના પ્રત્યયો અંગથી જુદા નીચે લખાય છે

ત તર, તમ, તા, તી
ન નાર, નાથ
મ માન, મંત, મય, મણ, મણુ
ય તવ્ય, અનીય
લ લાલ
ળ આળ
વ વાળો, વાન, વંત, વતી
શ શાસ્ત્ર, શક્તિ

घ કૃત્ પ્રત્યયો

(૧) વિભક્તિના પ્રત્યયો

ˋ ને
ા થી, નાથી, માંથી
ન નો, ની, નું, ના
મ માં, નામાં

[ઉપરના પ્રત્યયોમાંના ˋ અને ા સ્વતંત્ર અક્ષર હોય એવી રીતે જ શબ્દમાં લખાય છે. અને કોઈ પણ પ્રત્યયને વજન દઇ લખવાથી તેમાં બહુવચનનો 'ઓ' કે 'મ' (તેમને) સમાઇ જાય છે.]

(૨) કૃદંતના પ્રત્યયો

જ જે, જો
ત તો, તી, તું, તાં
લ લો, એલો, યલો, વ.
વ વા, વાને
શ શો, શું, શે
ય યો, યું

['ઈ' 'ઈને' માટે એક જ રૂપ. એટલે કે જ્યાં 'જઇને' એમ લખવું હોય ત્યાં 'જઇ' લખવાથી ચાલી શકે.]

સૂચના: સામે જે વાત સંકેતો માટે કરી છે એ જ વાત આ ઉપસર્ગો તથા પ્રત્યયોને લાગુ પડે છે. જે ઉપસર્ગો તથા પ્રત્યયોનાં લઘુલિપિમાં સ્વરૂપ શીઘ્રલિપિ કરતાં જુદાં છે તે આટલા છે:

ઉપસર્ગો: અનુ, પર–પરા, પુનર, સદ્–સર, સર્વ–સ્વ–સ્વી.

પ્રત્યયો: રીતે, રહિત–વાર–વારી, થી, ને, (આ છેલ્લા બે પ્રત્યયો માટેના સ્વરો લઘુલિપિમાં ખૂણો પાડી લખવા પડે છે.)

ઉપર જણાવેલા અપવાદો બાદ કરતાં શીઘ્રલિપિનું લઘુલિપિમાં રૂપાંતર કરવામાં માત્ર આપણા સામાન્ય વપરાશના અક્ષરોને બદલે લઘુલિપિના ટૂંકાક્ષરો વપરાય, એટલો જ તફાવત છે. એ કેમ થતું હશે એ કુતૂહલ શીખનારને સ્વાભાવિક રીતે થશે જ. એથી આ નીચે લઘુલિપિમાંથી થોડાં ઉદાહરણો આપ્યાં છે. જો શીખનારને લઘુલિપિનો કક્કો આવડતો હોય તો તુરત જોઈ શકે કે તે તે ઉદાહરણ માટે પોતે શીઘ્રલિપિમાં જે ટૂંકાવેલું લખાણ કરે, તે જ લખાણ આ ઉદાહરણોમાં લઘુલિપિના અક્ષરોમાં કર્યું છે.



આત્મસંતોષ દુરાગ્રહ ગુલામગીરી અસ્પૃશ્યતા અધિકાર લોકોને લખેલું હતું મળવાનો

ઉદાહરણો

આ પહેલાંનાં ત્રણ પૃષ્ઠોમાં આ લિપિના નિયમો, સૂચનાઓ અને પરિશિષ્ટો આપણે જોઇ ગયા. એ બધાં તત્ત્વોનો વ્યવહારમાં કેવી રીતે પ્રયોગ થાય છે તે હવે આપણે જોવાનું રહ્યું. આથી આપણે એ બધા નિયમો તથા સૂચનાઓ ઉપર ક્રમવાર વિશેષ વિચાર કરીએ.

[૧] સંકેતોની ઓળખાણ આપતા ૧લા નિયમમાં ન સમજાય એવું કાંઇ જ નથી. સંકેતોના લિસ્ટમાં જોતાં જણાશે કે વારંવાર વપરાશમાં આવતા બધા શબ્દો માટે ખાસ સંજ્ઞાઓ યોજાએલી છે. આથી લખાણનો ઘણો મોટો ભાગ તો આ સંકેતોથી જ ટૂંકવાઇ જાય છે. અગાઉ આપેલા પ્રસ્તાવનાના શીઘ્ર-લેખનમાં જોતાં આ વાતની પ્રતીતિ થશે. આ સંકેતોમાંના ઘણાને ક્યારેક વિભક્તિના પ્રત્યય લગાડવાની જરૂર પડે છે (જેમકે 'આગળ–થી') અને ક્યારેક બહુ જ નજીકનો સંબંધ ધરાવતા સંકેતોને જોડીને એક જ શબ્દ પણ બનાવી શકાય. સંકેતોને જોડતી વખતે સૂચના નં. ૮માં જણાવ્યા મુજબ કાનાવાળા અક્ષ-રોના કાનાને બિનજરૂરી ગણી તેને ઉડાવી દઇ શકાય. અને તેથી સંકેતો ઉપરથી આપણને નીચે આપેલાં જેવાં જોડાણો મળી શકે:

સ્પષ્ટ રીતે	સ્પ૨	કરતાં વધુ	ક૯૦ધ	આમ છતાં	૩છ૯
અથવા તો	અથ૯	એટલેથી	`ટી	ઘણી બાબતોમાં	ઘ૭૭૩
વસ્તુસ્થિતિ	૦સ્સ્ટ	પાછળથી	પછી	એમ નહિ	૩૦
કેવી રીતે	ક૦૨	તો પણ	૯૨		

[૨] આવું જ મહત્ત્વનું બીજું અંગ ઉપસર્ગો અને પ્રત્યયોની સંજ્ઞાઓ છે. નીચેનાં ઉદાહરણો ઉપરથી આ સંજ્ઞાઓના વિવિધ ઉપયોગોનો ખ્યાલ આવી શકશે:

લઘુલિપિ	૯ લિપિ	પ્રતિકૃતિ	પ્ર કૃતિ	પરિચય	ર ચ્ચ
સંપૂર્ણ	સ ર	ઉપયોગ	યોગ	સુલભ	સ ભ
અવકાશ	૦ કાશ	નિયમસર	૦ ય્સર	મદદગાર	૩દ૭

[૩] ૩જા નિયમમાં જણાવેલા શબ્દો નીચે પ્રમાણે લખી શકાય છે. વાચક જોઇ શકશે કે આવા બધા શબ્દોમાં પૂર્વાર્ધ પરથી આપણને શબ્દનો ઉત્તરાર્ધ સહેજે સ્ફુરી આવે છે. આવું ન બનતું હોય ત્યાં આ નિયમોનો પ્રયોગ ન કરવો એ જ સહિસલામત રસ્તો છે

શૉર્ટ હેન્ડ	**શૉર્ટ-હે**	સ્વરવ્યંજન	**સ્વ૦-વ્યં**	પ્રેસ રીપૉર્ટર	**પ્રેસ-રી**
સ્પીડ રાઇટિંગ	**સ્પીડ-રા**	એમના એમ	**૩-**	માતૃભાષા	**માતૃ-ભા**
અંગ્રેજી ભાષા	**'ગ્રેજ-ભા**	હાડપિંજર	**હાડ-પિં**	મુખ્ય મુખ્ય	**મુ-**
ગુજરાતી ભાષા	**ગુજ-રા-ભા**	પાઠ્ય પુસ્તક	**પાઠ્ય-પુ**	જુદી જુદી	**જુદ-**
બેઝિક ઇંગ્લિશ	**બેઝિ,-ઇં**	ટાઇપરાઇટર	**ટાઇપ-રા**	સીધેસીધી	**સીધે-**
કામચલાઉ	**કામ-ચ**				

[૪] ક્રિયાપદના અંત્ય અને ઉપાંત્ય અક્ષરો લોપવાનો ૪થો નિયમ ખાસ ધ્યાન દઈ શીખવા જેવો છે. અંત્ય 'વું', 'વા' 'એ' લોપાવાથી 'કર' લખ્યું હોય ત્યાં 'કરવું', 'કરવા', 'કરે', એમ ત્રણ રીતે વાંચવાનો વિકલ્પ રહે. અને 'કરા' ઉપરથી 'કરાય' કે 'કરાવે' એમ બે વિકલ્પ રહે. વળી ધાતુના ઉપાંત્ય 'ર', 'ડ'. 'લ', 'ળ', 'વ', લોપાવાને અંગે 'મત' એમ લખ્યું હોય ત્યાં 'મરતો', 'મડતો', 'મલતો', 'મળતો', 'મવતો' એમ પાંચ વિકલ્પ રહે. તેમાંથી આ કિસ્સામાં માત્ર બેનો જ અર્થ થાય છે. અને તે બેમાંથી લખાણના અનુપ્રાસમાં કયો બેસી જાય છે તે સહેજે જાણી શકાય. વળી ક્રિયાપદનું કૃદંત થયા પછી તેને ઘણી વખત વિભક્તિના પ્રત્યયો પણ લાગે છે (કરવા–માં). એવાં જુદાં જુદાં રૂપ આ નીચે આપ્યાં છે:

રચાય	રચા	જોઇએ	જોઈ	કરાવવામાં	કરાક
સમજાવવાની	સમજા૰	હોય છે	હછ	થએલી	થ઼
પડે છે	પડ છ	બનેલો	બન઼	શીખવામાં	શીખક
સરખાવતાં	સરખાર	જાળવી	જાવી	શીખવા માટેનો	શીખ ટ૰
ધરાવે	ધરા૦	કરવાની	ક૰	હોવાથી	હો ી
શીખવાનો	શીખ૰	લોપાએલું	લોપા઼	ઉતારી	ુતા ી
શીખે	શીખ	પામનારાં	પાક ૦	શકાય	શકા
શકરો	શકર	શીખનાર	શીખ ૦	રચાએલી	રચા઼
શકી છે	શક છ			આપેલો	ાપ઼

[૫] છેલ્લો નિયમ શબ્દોના છેલ્લા અક્ષર લોપવા વિષેનો છે તેમાં આપણે 'ઘણું જ' એવી રીતે આવતા 'જ'નો પણ સમાવેશ કરી શકીએ. આ નિયમમાં પણ આઠ વિકલ્પ છે. અને તેથી 'કલા,' એમ લખ્યું હોય ત્યાં 'કલાત', 'કલાર', 'કલાસ', 'કલા જ', 'કલાય', 'કલાક', 'કલાપ', 'કલાલ', એમ જુદી જુદી આઠ રીતે વાંચી શકાય. પણ એ બધામાંથી ઘટતા અર્થવાળો શબ્દ અનાયાસે જ સ્ફૂરી જાય એવી તાલીમ અનુભવે આવી જાય છે. નીચે આપેલાં ઉદાહરણો આ નિયમ સમજાવવા માટે પૂરતાં થઈ પડશે.

લેખક	લેખ,	કાંઈક	કાં,	સંગઠિત	સંગઠી,
પછી જ	પછી,	અક્ષર	અક્ષ,	પરિચય	પરિ,
રીતે જ	રી,	ન જ	ન,		
સમય	સમ,	પ્રાથમિક	પ્રાથમી,		
વ્યવહાર	વ્યવહા,	પુસ્તક	પુસ્ત,		

નિયમોની સાથે જે આઠ સૂચનાઓ આપી છે તેના ઉપર વિવેચનની કાંઈ જ જરૂર નથી. તેથી તેનાં તો ઉદાહરણો જ આ નીચે ક્રમવાર આપ્યાં છે.

(૧) ૪૦૦	૪સ	૬૦૦૦	૬હ	૧૪૦૦૦૦૦	૧૪ લા
(૨) શીઘ્રલિપિ	શી×લિ	જાહેર ખબર	જા×ખ	વગેરે-ઇત્યાદિ	વ. ઇ.
(૩) અખતરો	અખતર	ઇમારત	િમારત	અંગ્રેજ	ંગ્રેજ
ધમકી	ધમક	ઔષધ	ૌષધ	ઇંગ્લિશ	ંગ્લિશ
નકશો	નકશ	લાગણી	લાગણ	ઉકેલી	ુકેલી
ફાયદો	ફાયદ	નોકરી	નોકર	આ	ા
(૪) આગ્રહ	ાગ્રહ	આગાહી	આગાહ		
આકારા	ાકાર	દાખલો	દાખલ		

(૫) (૬) [આ સૂચનાઓનો ઉપયોગ આ પુસ્તિકામાં કરવાની જરૂર નથી પડી. મુશ્કેલીને વખતે કાળજીથી ઉપયોગ કરવા માટે જ તે છે. બાકી તો એ નાદાબારીનો ઉપયોગ કર્યા વગર પણ આ પદ્ધતિથી સામાન્ય ઝડપનાં ભાષણો ઉતારી શકાય છે.]

(૭) અંગ્રેજી	ંગ્રેજ	ઝડપી	ઝડપ

(૮) [પ્રસ્તાવનાના શીઘ્રલેખનમાં આ સૂચનાનો અમલ કરી બતાવ્યો છે.]

મનોયત્નો

વાચકે અત્યાર સુધીમાં જોયું હશે કે ઉપર સૂચનાઓમાં આવેલાં તત્ત્વો તો ચાલુ વપરાશનાં હોઈ તેના પર વધુ તકલિફ લેવાની જરૂર નથી. પણ પાંચ નિયમો પર કાબૂ આવવા માટે થોડા પ્રયાસની જરૂર પડશે. માટે એ પાંચ નિયમો ઉપરનાં પાંચ મનોયત્નો આ નીચે અનુક્રમવાર આપ્યાં છે. શીખનાર એ બધાંનું શીઘ્રલિપિમાં રૂપાંતર કરવા પ્રયાસ કરી જુએ. શીખનારે પોતે લખેલું સાચું લખાયું છે કે કેમ તેની ખાતરી અગાઉ અપાએલાં ઉદાહરણો સાથે સરખાવવાથી જ **થઈ શકતી હોવાથી નીચેનાં મનોયત્નો** સાથે તેનું શીઘ્રલેખન આપવાની કાંઈ જરૂર ધારી નથી.

આમ છૂટા શબ્દો ઉપર કાબૂ આવી ગયા પછી સળંગ લખાણ કેમ લખાય તેનો નમૂનો તો અગાઉ પ્રસ્તાવનામાં જ આપેલો છે, તે જોઈ જવો. જરા હિંમત કરી ભેજું કસનારને એથી વિશેષ માર્ગદર્શનની જરૂર હરગીઝ નથી.

(૧) આટલેથી, ક્યારનો, કોઈ પણ, ખાસ જરૂરનું, ઈ.

(૨) અણસમજુ, અપરાધ, અંતઃકરણ, આંતરવ્યવસ્થા, ઉત્ક્રાન્તિ, કમજોર, કુચાલ, ખુશબો, ગેરઇન્સાફ, દુર્દૈવ, પરિપૂર્ણ, પ્રતિધ્વનિ, બદમાશ, સર્વદેશીય,—અંધકાર, ગુનેગાર, ઘૃણાજનક, ચળકાટ, દુશ્મનાવટ, પૈસાદાર, બનાવટ, ભયંકર, ભાવપૂર્ણ, રણકારભર્યું, સુખાકારી,—આકાશમાં, ધાતુનો, ચીનાઓએ, જર્મનોથી, આટલામાં, બરાબરનો, મારાથી, કોણે,—જોનારને, ધનવાનોની, માનસશાસ્ત્રમાં.

(૩) ચિત્રકળા, લોકસમૂહ, સંગ્રહસ્થાન, પ્રાતઃસ્મરણીય, વખાણવાલાયક, લાગણીપ્રધાન, પ્રેક્ષકવર્ગ, જીવનચરિત્ર, હૃદયસ્પર્શી, વિચારશીલ, વસીઅતનામું,—અસ્તવ્યસ્ત, ખળભળાટ, સહિસલામત, જ્યાંત્યાં, વિધવિધ, વાદવિવાદ, સાથોસાથ.

(૪) આવવાથી, કરતો, ચાલીને, છોડશે, ધારતો, નીકળશે, નીવડવાને, પડવામાં, બનાવીને, બોલશો, ભરતો, મરતું,—આપતો, ઇચ્છેલું, ઊઠશે, ગયો, ઘટી.

(૫) અકસ્માત, અગણિત, અભિપ્રાય, અહિત, ટેબલ, માસિક, પ્રવાસ, સરસ, સંગીત, સંપ્રદાય, માનસ, જાહેરાત, ઔદ્યોગિક, આળસ, છાત્રાલય, શાબ્દિક,—જીવંત, જ્વલંત, કલંક, નિષ્કલંક,—અસલના, આળસનું, ખાસીઅતોથી, લાયકનું, બાઇબલમાં.

શીખનાર પોતાની મુશ્કેલીઓમાંથી આવાં મનોયત્નો માટેનું વધારે વસ્તુ મેળવી શકશે. અને એવી આશા પણ અસ્થાને નથી કે અગાઉનાં પાનાંમાં આપેલાં ઉદાહરણો સામે તે ધ્યાન આપશે તો એ મુશ્કેલીઓનો નિકાલ પણ તે એવી જ સહેલાઇથી કરી શકશે. અસ્તુ.